# Welcare TODAY

LIVE RIGHT, LIVE HEALTHY

₹ 20.00





## Contents


- ટ્રીટમેન્ટ, ફેસિલિટી અને સર્વિસમાં વન ઓફ ધ બેસ્ટ હોસ્પિટલ છે : સત્યેશવદન પાટિલ.......................... [2]
- એડિટોરિયલ- કોરોના દર્દીઓ માટેની સારવાર શરૂ કરી અમે દેશ અને સમાજ પ્રત્યેની.......................... [3]
- Arthroscopic Surgery: Minimally invasive, Maximally effective.......................... [4]
- Knee Damage: ACI helps Sportspersons.......................... [5]
- ‘ફાયર એન્ડ સેફટી ઈન હોસ્પિટલ’ અંગેના નેશનલ વેબિનાર માં ડો ભરત મોદી આમંત્રિત.......................... [6]
- આજે પાર્કિંગ જેવી પ્રાથમિક જરૂરિયાતો માટે પ્રશ્નો સર્જાતા હોય ત્યારે.......................... [7]
- એક સેલ્યૂટ..આજના કોરોના ફ્રન્ટલાઈન ફાઈટર્સને .......................... [8]



Issue No. 4 | Volume No. 5 | Published on 1 December 2020

# ટ્રીટમેન્ટ, ફેસિલિટી અને સર્વિસમાં વન ઓફ ધ બેસ્ટ હોસ્પિટલ છે : સત્યેશવદન પાટિલ

પારિવારિક સંબંધોમાં આમ તો દરેક સંબંધ પોતાનું અલગ મહત્વ ધરાવે છે પણ પિતા- પુત્રીનો સંબંધ નિ:સ્વાર્થ પ્રેમનું પ્રતિક હોય છે. આ સંબંધની મજબુતાઇ એટલી સખત હોય છે કે ભગવાને જાણે બન્નેને એક- બીજા માટે જ ના બનાવ્યા હોય તેવા અનેક ઉદાહરણો આજે સમાજમાં મોજૂદ છે. પણ તેમાંય દીકરી જ્યારે નાની હોય અને તેનું અકસ્માતે ઇજા થતાં ઓપરેશન કરવાનું હોય ત્યારે એક પિતાની મનોદશા શું અનુભવે છે તેનું શબ્દોમાં વર્ણન કરવું ખરેખર ઘણું મુશ્કેલ છે. પણ આજ દીકરીનું ઓપરેશન જ્યારે સફળતાપૂર્વક અને ઉમ્મીદ કરતાં વહેલું પૂરું થાય ત્યારે પિતાનો આનંદ તેમના ચહેરા પર આપણે સ્પષ્ટ જોઈ શકીએ એ હદે હોય છે. તે સ્વાભાવિક છે. આવો જ એક હ્યદયસ્પર્શી કિસ્સો હમણાં વડોદરાની ઓર્થોપેડિકક્ષેત્રે જાણીતી વેલકેર હોસ્પિટલમાં જોવા મળ્યો. આવો જાણીએ એક પિતાના જ સ્વમુખે તેઓ પોતાની દીકરીના ઓપરેશન વિષે શું કહે છે.

મારુ નામ સત્યેશવદન પાટિલ (વડોદરા). મારી દીકરી અન્વીહા અત્યારે માત્ર સાડા ચારવર્ષની જ છે. થોડા સમય પહેલાં તેને અકસ્માતે જમણા હાથમાં ઇજા થતા અમારી સોસાયટીના જ સભ્યએ થોડા સમય પહેલાં આ હોસ્પીટલમાં ટ્રીટમેન્ટ કરાવી હતી અને તેમનો સ્વાનુભવ પણ સારો હતો તેથી તેમના કહેવાથી અમે આ હોસ્પિટલના ડો. ભરતભાઇ મોદીનો સંપર્ક કર્યો હતો. ડો. મોદી સાહેબે મારી દીકરીનો હાથ ચેક કરતાં તેને હાથની કોણીના



“સામાન્ય રીતે તૂટેલા હાડકાં કે ફેકચર એ વધારે સંખ્યામાં પુખ્તવયના લોકોમાં અથવા તો વૃદ્ધલોકોમાં જોવા મળે છે. બાળકોમાં પણ હાડકાં તૂટતાં હોય છે. પરંતુ સમાજે એ સમજવું જરૂરી છે કે બાળકોના તૂટેલા હાડકાંની સારવાર પુખ્તવના લોકો કરતાં તદ્દન જુદી હોય છે.સાથે નાના બાળકના માનસ પર હોસ્પિટલના અનુભવનો કાયમી ડંખ ન રહી જાય તે જોવું પણ એક મહત્વનુ પાસું છે. તદુપરાંત બાળકોના હાડકાંની સાઇઝ બહુ નાની- નાજુક હોવાથી તેમાં શસ્ત્રક્રિયા કરવામાં સાવ જુદા પ્રકારના સાધનોનો ઉપયોગ કરવો પડે છે. આ સમજવા ઉદાહરણ આપીએ તો એ કહેવું યોગ્ય રહેશે કે જે સ્ક્રૂ- ડ્રાઈવર ફેક્ટરીના મોટા સાધનોમાં વપરાય તેનાથી ઘળીયાળીનું રીપેરીંગ કામ થાય નહીં. તેના બારીકાઈના કામ માટે જુદા સ્પેશ્યલ સાધનો જોઈએ. તેવી જ રીતે બાળકોની ફેકચર ટ્રીટમેન્ટ માટે બહુ જ જુદા સ્પેશલ સાધનો હોવા જરૂરી છે. જોકે, હકીકત એ છે કે સમાજમાં આર્થિક દબાણોને કારણે બહુ ઓછી હોસ્પિટલો આવા સ્પેશ્યલ સાધનો વસાવતા હોય છે. વેલકેર હોસ્પિટલ હાડકાં અને સાધાંનોને લક્ષીને એક સુપર સ્પેશ્યલ સંસ્થા તરીકે આ કારણે જ દેશમાં વખાણાય છે કે હોસ્પીટલમાં હાડકાં-સાધાંને લગતા જુદા- જુદા ક્ષેત્રમાં પુષ્કળ પૈસાનું નિવેશ કર્યું છે. તેથી દરેક જાતના આવા દર્દીની સમસ્યાને નિપુણતાથી પાર પાડે છે અને દર્દીઓને ઉચ્ચકક્ષાનું પરિણામ મળતું હોવાનું ડૉ.મોદી કહે છે.”

એલ્બોમાં ફેક્ચર હોવાથી ઓપરેશન કરવાની સલાહ આપી.

આટલી નાની ઉમરે વ્હાલસોયી દીકરીનું ઓપરેશન..આ શબ્દ સાભળતા જ એક પળ માટે હું સ્તબ્ધ થઈ ગયો.પણ આવેલી આપત્તિ અને દીકરીના દર્દની સાથે તેના ભવિષ્યનો વિચાર કરી ઓપરેશન માટે અમે તૈયારી દર્શાવી. આપણાં દેશની સંસ્કૃતિ અને સમાજની માન્યતાઓને ધ્યાનમાં રાખીને જોઇએ તો દીકરીનું ઓપરેશન પ્રોપર થવું જરૂરી છે કારણ કે ભવિષ્યમાં તેને કોઇ ખોડ-ખાપણ રહી જાય તો આવી દીકરી માટે લોકોનો દ્રષ્ટિકોણ અને ખાસ કરીને તેના મેરેજ વખતે ઘણી મુશ્કેલી યા અડચણોનો સામનો કરવો પડી શકે છે. પણ અહી આજ સુધી આવી કોઈ સમસ્યા સર્જાઈ નથી આ હકીકત નજરઅંદાજ કરી શકાય નહીં.

નાની દીકરી માટે હાથમાં થયેલું ફેકચરનું દર્દ અસહ્ય હતું. તે દર્દને કારણે રડી રહી હતી. દીકરીનું દર્દ અને તેના આંખમાથી નીકળતા આસુંઓનો અહેસાસ અમને થઇ રહ્યો હતો. જેમ બને તેમ વહેલી તકે દીકરીને દર્દમાથી બહાર લાવવાની ડો.મોદી સાહેબની સલાહને અમે ફોલો કરી, બસ...ઓપરેશન થતાં થોડીક જ વારમાં દીકરીના મોં પરનું દર્દ ગાયબ થઇ ગયું. રૂમમાં સીફ્ટ કરતાં સુધીમાં તે ઘણી સામાન્ય લાગતી હતી. સાંજ સુધીમાં તો તેણે થોડું જમ્યા સાથે લિક્વિડ લીધું અને રાત્રે ઉંઘી પણ ગઈ. બીજા દિવસે તે બિલકુલ સ્વસ્થ જણાતા મારા દિલમાં ઠંડક થઇ ગઇ અને એક સંતોષજનક હાશકારો અમે અનુભવ્યો.

આમ, હોસ્પિટલમાંથી ઓપરેશન બાદ માત્ર બે જ દિવસમાં દીકરીને હસતાં મુખે ડિસ્ચાર્જ લઇ રહ્યા છીએ ત્યારે એટલુ તો ચોક્કસ કહેવું પડે કે ટ્રીટમેન્ટ, ફેસિલિટી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સર્વિસની બાબતે વેલકેર હોસ્પિટલ વન ઓફ ધ બેસ્ટ હોસ્પિટલ છે તેમાં કોઈ બે મત નથી.



“અમારા ઓપરેશન થિયેટરમાં IITV system એટલે કે ઇમેજ ઈંટન્સિફેર ટીવી સિસ્ટમ ઉપલબ્ધ છે. કે જેનાથી ઓપરેશન કરતી વખતે દર્દીની થઇ રહેલી ટ્રીટમેંટના અલગ- અલગ એંગલ ટીવી સ્ક્રીનમાં લાઇવ જોઇ શકાય છે. તેને સી-આર્મ પણ કહેવાય છે. જે ઇન્સ્ટન્ટ એક્સ-રે ઈમેજની ગરજ સારતા હોવાથી ટ્રીટમેન્ટમાં ખામી કે ભૂલ થવાનો સવાલ જ ઉદભવતો નથી.”

**- ડો.ક્ષિતિજ મોદી**

**Welcare TODAY**

# Editorial


## Editorial Board

**Editor**
Dr Harshida Mody
**Editorial Team**
Dr Meena Sheth
Shri Ajitbhai Kapadia
Dr Bibhas Shah
Dr Kshitij Mody


## Contact Us

Do you have any query about any medical illness? Are you in two minds about getting a medical treatment? Please email to us. Welcare Hospital's Medical Specialists will help solve your dilemma.

**તબીબી સલાહ માટે અમારો સંપર્ક જરૂર કરો**

શું કોઈ બીમારી માટે કઈ સારવાર લેવી તેની મુંઝવણમાં છો ? વેલકેરના નિષ્ણાત તબીબોની નીઃશુલ્ક સચોટ સલાહ માટે ઈમેલ કરો.

communication@welcarehospital.co.in


PATIENT SAFETY & QUALITY OF CARE
NABH (ENTRY LEVEL)
PRE ACCREDITED

**Welcare Hospital**
*Gujarat's Hospital for Special Surgeries*
Atladara-Vadsar Ring Road,
Atladara, Vadodara-390012
[Gujarat]
- 0265 2337172
www.welcarehospital.co.in

**Appointments**
9:00 AM to 6:00 PM
**9327435570**
**9328921614**




> **“કોરોના દર્દીઓ માટેની સારવાર શરૂ કરી અમે દેશ અને સમાજ પ્રત્યેની અમારી ફરજ અદા કરીએ છીએ”**
> **- ડો. ભરતભાઈ મોદી**

ભારતમાં કોરોના મહામારીને કાબુમાં લેવા આખા દેશમાં લોકડાઉનનો નિર્ણય લેવાયો ત્યારે આપણને એક આશા બંધાઈ હતી કે લોકડાઉનથી કોરોના સંક્રમણ પર અંકુશ મેળવવામાં સફળતા મળશે. પરંત વૈશ્વિકસ્તરે આજે કોરોના મહામારીએ જે રીતે પ્રકોપ ફેલાવ્યો છે તેમાથી આપણે પણ બાકાત રહી શક્યાં નથી. અને આજે સરકાર સામે એક પડકારજનક સ્થિતિ ઊભી થઇ છે. જેમાં સરકારી હોસ્પિટલો છે તેમાં કોરોનાના દર્દીઓ માટેની સારવાર મળી રહે તે માટેના તમામ પ્રયત્નો હાથ ધરવા છતાં આ મહામારીના દરરોજ વધી રહેલા કેસોને પહોચી વળવું મુશ્કેલ બની રહ્યું છે. જેથી હવે સરકાર દ્વારા ખાનગી હોસ્પિટલોને પણ આમાં સહકાર આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ અંતર્ગત વૈશ્વિકસ્તરની અધ્યતન હોસ્પિટલોમાં જેની ગણના થાય છે તે વડોદરાની વેલકેર હોસ્પિટલના ડો. ભરતભાઇ મોદીએ પણ આવા કઠિન સમયમાં સરકાર સાથે હાથ મિલાવ્યા છે. અને તેમનું કહેવું છે કે વર્તમાન કોરોનાકાળમાં સમગ્ર દેશ અને સમાજને આજે અમારી જરૂર હોવાથી કોરોનાના દર્દીઓની સારવાર કરવી એ અમારી ફરજ છે. આ માટે તેઓએ પોતાની ભવ્ય હોસ્પિટલના ઉપરના સમગ્ર ત્રીજા માળને સેનેટરાઇઝ કરાવી કોરોનાના દર્દીઓ માટેના સ્પેશ્યલ વોર્ડરૂપે અલગ ફાળવી દીધો છે. અને કોરોનાના દર્દીઓની એન્ટ્રી-એક્ઝિટ માટેના જુદા રોડ સાથે અત્યાધુનિક સુવિધાઓથી સુસજ્જ અલગ કોરોના વોર્ડનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

> **“વેલકેર હોસ્પિટલે પોતાની અસલ ઓળખ એટલે કે ઓર્થોપેડિકને લગતી તમામ ટ્રીટમેન્ટ પહેલાંની જેમ જ ચાલુ રાખી છે. જેમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી.”**

અહી કોરોનાના દર્દીઓ માટે સેપરેટ સર્વિસ લિફ્ટ, વર્લ્ડ ક્લાસ ઇન્ફ્રાસ્ટ્રકચર સાથે 24/7 નિષ્ણાત ડોક્ટરની ટીમ અને જરૂરી સ્ટાફ સારવાર માટે હાજર છે. જેનો ચાર્જ પણ કોર્પોરેશનની ગાઇડ લાઇન મુજબ રાખવામા આવ્યો છે. આ સાથે દર્દીઓની સગવડતા માટે જનરલ વોર્ડ તથા સેમી સ્પેશ્યલરૂમ અને સ્પેશ્યલરૂમ, શ્યુટરૂમ, આઈસીયુ અને એચડીયુ જેવી અધ્યતન સુવિધાઓ પણ ઉપલબ્ધ છે.

આ ઉપરાંત વેલકેર હોસ્પિટલે પોતાની અસલ ઓળખ એટલે કે ઓર્થોપેડિકને લગતી તમામ ટ્રીટમેન્ટ પહેલાંની જેમ જ ચાલુ રાખી છે. જેમાં કોઇ જ ફેરફાર કરવામાં આવ્યો નથી. અત્રે ઉલ્લેખનિય છે કે કોરોના- દર્દીઓના સંક્રમણની ગંભીરતાને ધ્યાનમાં લઇ અહી પૂરતી તકેદારી અને સુરક્ષાના પગલાંઓરૂપે સરકારના તમામ દિશા- નિર્દેશોનું પાલન ચુસ્તરીતે થઇ રહ્યું છે. આમ, ઓર્થોપેડિકના દર્દીઓ અને કોરોનાના દર્દીઓના એમ બન્નેના વોર્ડ એડ્વાન્સ પ્લાનિંગ કરી તદ્દન અલગ જ રાખવામાં આવ્યા છે. અને સુરક્ષિત અંતર જળવાઇ રહે તેની પૂરી તકેદારી રાખવામાં આવી રહી હોવાથી કોઈપણ વ્યક્તિ નિશ્ચિંત અને નિર્ભય બની હોસ્પિટલની મુલાકાત લઇ શકે છે તેવો વિશ્વાશ પણ ડો. ભરતભાઇ મોદી વ્યક્ત કરે છે.

# Arthroscopic Surgery: Minimally invasive, Maximally effective

Dr. Kshitij Mody, Welcare hospital's next-gen surgeon, answers a few questions about arthroscopy.

### *What is arthroscopy?*

*Arthroscopy is a minimally invasive alternative to standard diagnostic and therapeutic methods. It can be said to be one of the greatest advances in orthopaedic surgery of the 20th century.*

### *Why is it preferred over open surgery?*

*Minimally invasive surgeries result in less postoperative swelling than open techniques and reduce pain, risk of complications,and recovery times. Besides,arthroscopy helps in both,diagnosis and treatment. Manyinjuries, particularly those that at one time would have been career ending for athletes, can now be addressed with arthroscopy allowing a quicker return to full function.*

### *So arthroscopy is a much safer surgery?*

*While arthroscopy has resulted in anoverall decrease in morbidity compared with open techniques.*

### *How many days does a patient need to be admitted for arthroscopy?*

*Only a day at the most!*

### *On which joints is arthroscopy done?*

*In nearly all joints like ankle, knee, hip, wrist, elbow and shoulder. Knee and shoulder joints benefit most while surgery is preferred over arthrocopy in the hip joint.*

### *Common conditions where arthroscopy is most effective?*

*Injuries to the anterior cruciate ligament [ACL] in the knee in sportspersons who have to run a lot, like in cricket, football,basketball, rugby, tennis etc. and injury inside the shoulder joints of sportsperson who have to 'throw' things, in games like cricket,badminton, tennis, volleyball etc benefit the most as they can return to their games much earlier compared with open surgery. In some diseases of the knee joint, early detection and arthroscopy lead to permanent cure.*

### *What type of anaesthesia is used?*

*Depends on the nature of the procedure.*

### *What complications can occurin arthroscopy?*

*As with any invasive procedure, they are infection and injury. But in 'zero infection' operation theatres like in Welcare Hospital and in the hands of skilled surgeons, the complications are minimal.*

### *Are special instruments requiredin arthroscopy?*

*Yes, a camera and monitor, small sized special surgical equipment, pump, tourniquet etc. The cost of instruments and 'zero infection' operating theatres are high. The surgeon's skill is of course, priceless.*

### *Does arthroscopy benefit only sports persons?*

*Yes and no. Sportspersons undergo arthroscopy more often because they need to get back to their sports as soon as possible and arthroscopy leads to quick recovery. But arthroscopy is useful in many disease conditions too.*

### *Is Arthroscopy done at Welcare?*

*Yes. We have some of the best arthroscopy equipment at Welcare. Also our Class 100 operating rooms are specially designed for arthroscopy. Our success rates are among the highest.*



**Dr. Kshitij Mody**
Has trained in arthroscopic surgery from prestigious institutes in Pune & New York

**He is one of the youngest arthroscopic surgeons in the country !**


*State of the art Operation Theatre for Arthroscopy*









*This is how the knee joint looks through an arthroscope*




*The arthroscope is inserted into the knee through small nicks*




*In shoulder arthroscopy, the patient may be in a sitting position*



# Knee Damage: ACI helps Sportspersons

Good news for young sports persons who may suffer Knee Cartilage Injury



***Autologous Chondrocyte Implantation (ACI)*** *is the latest treatment to repair damage in cartilage within joints, especially the knee joints, which are most prone to injuries, especially sports injuries. ACI provides pain relief, helps cartilage healing and slows down or prevents further cartilage damage. If ACI is done at the right time, the person can even resume running and sporting activities in a year. 'ACI is the better choice for young people who sustain knee cartilage injuries,' says Dr Bharat Mody, Arthroscopist and joint replacement surgeon, about this novel therapy.*

### *Harvest, Regrow, Implant...*

*...those are the steps in Autologous Cartilage Implant. While the surgical procedures for both the harvesting of chondrocytes and implantingthe re-grown cells are relatively minor, the regrowing of cartilage cells [chondrocytes] requires high tech laboratory services, which are out sourced from Welcare Hospital.*

*A 24 year old man damaged his knee cartilage while playing basketball. On examination his knee showed a painful depression. X-Ray and MRI studies showed a deficiency in the cartilage lining. He could be treated by arthroscopy, but the injury would restrict his sporting activities for ever.*

### *Further Damage...*

*But arthroscopic surgery would not cure the cartilage deficit. Eventually that patient would develop 'traumtic arthritis' and need Total Knee Replacement [TKR]. So we used ACI, the most modern therapy for damaged knee cartilage. The patient recovered well after the minimally invasivesurgery. We expect that he will be able to play basketball in a year or so!*

### *New Option*

*ACI was invented in 1980 and brought to India in 2008. Through this we replace the broken cartilage with cartilage grown from the patient's own healthy cartilage outside his or her body. This procedure is safe and has the approval of the United States Food and Drug Authority [USFDA].*

### *If not done...*

*This procedure is a 'knee saving surgery'. The natural knee of the patient is preserved after ACI. If such patients do not undergo ACI, they need knee replacement in a short period of time, may be a few years.*

### *How is it done?*

*The patient's own healthy cartilage is used for re-growing. A small part of healthy undamaged cartilage and a small piece of bone attached to it are removed by arthroscopy. The portion where the cartilage is attached to the bone is the part that is used. New cartilage cells grow there. These cells are harvested and allowed to grow and multiply a hundred fold on artificial culture media. Then they are sent back to the hospital.*

### *Implantation*

*These re-grown chondrocytes are implanted in the site of the cartilage deficiency by a small surgery. The chondrocytes multiply and fill up the cartilage deficiency. With the gradual restoration of the missing cartilage the joint is restored back to its normal state.*


*The goal of ACI is to allow people suffering from joint cartilage damage to return to their old lifestyle; regaining mobility, going back to work and playing sports. And in the coming times, merely remaining physically fit will require painless knees!*

### *Success Rate*

*Till date, about 97% of the patients who underwent ACI have benefited with the treatment. This shows a great future for this therapy.*

### *More benefits*


*There are many more benefits like it is a minimally invasive surgery, takes a short time, is painless, chondrocyte gel can be moulded to fit the defect exactly, is useful even in large defects. High impact activities like playing football or basketball may be resumed 9 months after surgery and most important, the patient enjoys the use of his natural joint for a long time thereafter. thereafter!*



# હોસ્પિટલના રંગમંચ પર ડોક્ટર અને નર્સ ભલે નાયકનો રોલ ભજવે છે આવો

## "ફાયર એન્ડ સેફ્ટી ઈન હોસ્પિટલ" અંગેના નેશનલ વેબીનારમાં વેલકેર હોસ્પિટલના ડો. ભરત મોદી આમંત્રિત



Shri.D.K. Shami, Fire Advisior, Govt. of india.



Moderator Mr. Pankaj dharkar chairman, FSAI



**Dr. Bharat Mody**
Chief Orthopedic Surgeon
Welcare Hospital,
Vadodara

ભારત સરકાર અને ફાયર એન્ડ સેફ્ટી એસોસિએશન ઓફ ઈન્ડિયા (FSAI) દ્વારા તાજેતરમાં નેશનલ લેવલ પેનલ ડિસ્કશન ઓન "ફાયર એન્ડ સેફ્ટી ઇન હોસ્પિટલ" અંગેના વેબીનારમાં માત્ર ગુજરાતમાંથી જ નહી પણ દેશની નામાંકિત હોસ્પિટલો પૈકી વેલકેર હોસ્પિટલ વડોદરાના ઓર્થોપેડિક ક્ષેત્રે જાણીતા ડો. ભરત મોદીને ખાસ આમંત્રિત કરાયા હતા. ડો. મોદીને આમંત્રિત કરાયા તે ગૌરવપૂર્ણ બાબત ખરેખર ધ્યાનસૂચક છે, જેની વિગતે હકીકત સમજીએ તો દેશમાં અત્યારે ચાલતા કોરોનાકાળના કપરા સમયમાં સરકાર દ્વારા દરેક શહેરમાં કોરોના સંક્રમણના દર્દીઓની જરૂરિયાત પ્રમાણે હોસ્પિટલોમાં અગમચેતીના પગલાં સહિત જરૂરી વોર્ડની સુવિધાઓ ઊભી કરાઇ છે. જે પૈકી દેશના વેસ્ટ બંગાળની AMRI ઓડિશાની SUM આંધ્રપ્રદેશની SWARNA ગુજરાતમાં અમદાવાદની SHREY હોસ્પિટલમાં કોવિડ-૧૯ ના સ્પેશ્યલ વિભાગમાં આગ લાગતાં જાનહાનિ સહિત અફળા- તફળી સાથેના ઘણા હ્રદયદ્રાવક દ્રશ્યો સર્જાયા હતા. આ પછી વડોદરા અને બોડેલીની સરકારી સિવિલ હોસ્પીટલમાં પણ આવા જ બનાવો બન્યા હતા. જો કે સદનસીબે તેમાં કોઈ જાનહાનિ થઈ નહોતી, છતાં અચાનક આગ લાગવાના બનાવના પગલે કોરોનાના દર્દીઓને તાત્કાલિક અન્યત્ર ખસેડવા એ પણ ઘણું જોખમી કામ હોવાથી વહીવટીતંત્ર પણ મુઝવણમાં મુકાઇ જાય તેવા સંજોગોને નજર અંદાજ કરી શકાય નહીં.

આ હકીકતને ધ્યાનમાં લેતા વેલકેર હોસ્પિટલ વડોદરાના હેડ એન્ડ ચીફ ઓર્થોપેડિક સર્જન એન્ડ CEO ડો. ભરત મોદીની દૂરદર્શિતા મહત્વની છે. તેઓએ હોસ્પિટલના નિર્માણ સમયે એટલેકે આજથી ૧૦ વર્ષ અગાઉ જ્યારે હોસ્પિટલના નિર્માણનું કામ શરૂ થાય તે પહેલાં જ તેનો પ્લાન (નક્શો) એ રીતે બનાવ્યો કે ભવિષ્યમાં કોઇ પણ પ્રકારની અગવડ પડે જ નહી . આ બાબતે ડો. ભરત મોદી કહે છે કે હોસ્પિટલના નિર્માણ પહેલાંજ તેની તમામ સુવિધાઓનો બારિકાઈથી અભ્યાસ કરી જરૂરિયાત મુજબ પ્લાન (નકશો) તૈયાર કરાવ્યો. જેમાં આવા આકસ્મિક સંજોગોમાં દર્દીઓની સગવડતા સચવાય તેની સાથે હોસ્પીટલમાં હાજર તમામ લોકોની સુરક્ષા બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે. જેમાં વિશાળ દરવાજા, દાદર અને ફાયર સેફ્ટીની તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. સાથે હોસ્પિટલના તમામ એન્ટ્રી – એક્ઝિટ ગેટ કાચના છે. જે પારદર્શક હોવાથી બંને બાજુ જોઈ શકાય. અને તે બંને બાજુ ખૂલે અને બંધ થાય તેવા હોવાથી આકસ્મિક સંજોગોમાં ધક્કા મુક્કી થવાની સંભાવનાઓ રેહતી જ નથી. વળી, આવા સમયે લિફ્ટનો ઉપયોગ થતો ના હોવાથી દાદર પણ એટલા વિશાળ છે કે સ્ટ્રેચરમાં દર્દીને લઈ જતાં કોઈ પણ પ્રકારની તકલીફ પડયા વગર આરામથી તમે નીચે-ઉપર લઈ જઇ શકો. સાથે આ માટે વેલ ટ્રેઈન્ડ સ્ટાફ પણ ખરો જ. આગ-અકસ્માતના સમયે ફાયર બ્રિગેડની આવ-જા માટે હોસ્પીટલમાં વિશાળ રોડ-રસ્તાથી લઈને હોસ્પિટલની અંદર પણ ફાયર સેફ્ટીની તમામ અત્યાધુનિક સુવિધાઓ એટલી હદે ફૂલપ્રૂફ છે કે કોઇ વ્યક્તિ બીડી કે સિગારેટ પીવે તો તેના ધુમાડાની પણ અહીની સેન્સર સિસ્ટમ નોધ લે છે. તો પછી આગ લાગવાની તો વાત જ ક્યાં રહી..? હોસ્પીટલમાં પૂરતી પાણીની વ્યવસ્થા સાથે 24x7 સતત સેફ્ટી એન્ડ સિક્યુરિટી સ્ટાફની હાજરી અને ઓટો સેન્સર સિસ્ટમ હોસ્પિટલને વધારે સુરક્ષિત બનાવે છે.

આ વેબીનારમાં ગવર્નમેંટ ઓફ ઈન્ડિયાના ફાયર એડ્વાઇઝર બી.કે સામી સાથે FSAI ના ચેરમેન પંકજ ધારકર ચીફ ગેસ્ટ તરીકે ખાસ હાજર હતા. આથી કોરોના મહામારીના અત્યારના સમયમાં આ બધીજ સેફ્ટી સાથે અત્યાધુનિક તમામ સુવિધાઓથી સજ્જ વેલકેર હોસ્પિટલ વડોદરાની ગણના આજે એક અગ્રહરોળની હોસ્પિટલ તરીકે થાય છે.

> **" વેલકેર હોસ્પિટલ વડોદરાની તમામ સુવિધાઓને ધ્યાનમાં રાખી ભારત સરકાર અને FSAI દ્વારા આયોજિત નેશનલ લેવલના વેબીનારમાં સમગ્ર ગુજરાતમાથી માત્ર ડો. ભરત મોદીની પસંદગી કરવામાં આવી હતી. "**

# પણ પડદા પાછળના સપોર્ટર સ્ટાફ એટલા જ મહત્વના હીરો છે .

**સમજીએ ...**

**આજે પાર્કિંગ જેવી પ્રાથમિક જરૂરિયાતો માટે પ્રશ્નો સર્જાતા હોય ત્યારે કોઈ પ્લાનિંગ વગર જ બનતી બિલ્ડીંગો શું ખરેખર સુરક્ષિત છે...?**

સામાન્યપણે હોસ્પીટલમાં અત્યંત ગંભીર દર્દીઓ એટલેકે ક્રિટિકલ પેશન્ટસ સાથે હાલના કોરોનાકાળ જેવા કપરા સમયમાં દર્દીઓ માટે ઓક્સિજન કેટલો મહત્વનો છે તે સમજી શકાય તેવી બાબત છે. ટુકમાં કહીએ તો આવા પેશન્ટ માટે ઓક્સિજન એ જ જીવન હોય છે. આવા સંજોગોમાં ઓક્સિજન સપ્લાય સિસ્ટમમાં જો કોઈ રૂકાવટ આવે તો તેના કેટલા ગંભીર પરિણામો આવી શકે છે એ વિચાર માત્રથી આપણે ઘણા વ્યથિત થઈ જઈએ છીએ. આવી કટોકટીવાળી પરિસ્થિતિમાં જો હોસ્પિટલનું નિર્માણ કોઈ પ્લાનિંગ વગર થયું હોય તો તેના પરિણામ ક્યારેક ચોક્કસ ઘાતક સાબિત થઈ શકે છે.

ઓર્થોપેડિકક્ષેત્રે દેશ-દુનિયામાં અગ્રહરોળની હોસ્પીટલમાં જેની ગણના થાય છે તે વડોદરાની વેલકેર હોસ્પિટલમાં થોડા સમય પહેલાં આવી જ સ્થિતિ ઉદભવી હતી. પણ હોસ્પિટલના મેનેજમેંટની દૂરદર્શિતાએ આવું કઈ બને તે પહેલાં જ પોતાના એડ્વાન્સ પ્લાનિંગને કારણે સમગ્ર ઘટનાને સામાન્ય બનાવી દેવામાં સફળતા મેળવી છે. જેની હકીકત જોઈએ તો થોડા સમય પહેલાં ચોમાસાની સિઝન હોવાથી સતત વરસાદના કારણે હોસ્પિટલના પ્રાંગણની જમીન પોચી પડી ગઈ હતી. આજ સમયમાં હોસ્પીટલમાં ઓક્સિજન ટેન્કમાં રીફિલ કરવાની જરૂર પડી હતી. ઓક્સિજન ભરી આવેલી ગાડી વરસાદના કારણે પોચી જમીનમાં ફસાઈ ગઈ હતી. જેનાથી રીફિલ ટેન્ક માત્ર પાંચ મીટરના અંતરે હોવા છતાં કામ અધરુ હતું. થોડા પ્રયત્નો કર્યા પછી તુરંત ભારે માલવાહક ક્રેઇનની મદદથી ફસાયેલી ગાડીમાથી ઓક્સિજન રીફિલિંગનું કામ ઝડપથી કરી દેવામાં આવ્યું.

અહી મહત્વનો સવાલ ઈમરજન્સીના સમયે દર્દી સુધી ઓક્સિજન સમયસર પહોચ્યો તે છે...કેવી રીતે પહોચ્યો તે નહીં. જો ઈમરજન્સીના કેસમાં ઓક્સિજન સમયસર ના મળે તો ઘાતક પરિણામો આવી શકે છે. આથી મેનેજમેંટ દ્વારા હોસ્પિટલના નિર્માણ સમયે કરાયેલા આયોજનપૂર્વકના એડ્વાન્સ પ્લાન મુજબ અહીની ખુલ્લી વિશાળ જગ્યાને કારણે તાત્કાલિક ભારે માલવાહક ક્રેનની મદદથી આ વિકટ પરિસ્થિતી તદ્દન સામાન્યરીતે કાબુમાં લેવાઈ હતી.


**" ટ્રીટમેન્ટ , ફેસેલિટી સાથે આવા આકસ્મિક સંજોગોમાં ભવિષ્યનો વિચાર કરી બિલ્ડિંગનું નિર્માણ કરાયું હોવાથી વેલકેર હોસ્પિટલ આજે પોતાની આગવી ઓળખ ઊભી કરી શકી છે"**

આ અંગે ડૉ.ભરતભાઈ મોદી કહે છે કે આવા વિકસિત એરિયામાં અને તેમાય હોસ્પિટલ જેવી બિલ્ડીંગની આગળ આટલી મોટી જગ્યા ખુલ્લી રાખવી એ યોગ્ય ના હોવાની સલાહ પણ અમને હોસ્પિટલના નિર્માણ વખતે મળી હતી. પણ અમારી રિકવાયર્મેન્ટનું વિઝન બહુ જ સ્પષ્ટ હોવાથી અમને ભવિષ્યમાં કોઈ તકલીફ ન થાય તેનો વિચાર કરી અમે જે કર્યું તેથી આજે દર્દીઓના જીવ બચી ગયા. બસ...આજે અમારી ઉચ્ચ વ્યવસ્થાની કિંમત વસૂલ થઈ ગઈ. કહેવાનો અર્થ એ જ કે વેલકેર હોસ્પિટલની જગ્યાએ આવી વિકટ પરિસ્થિતી શહેરના ભીડભાડવાળા વિસ્તારમાં આવેલી કોઈપણ હોસ્પીટલમાં સર્જાઈ હોત તો શું આટલી આસાનીથી આ કામ થઈ શક્યું હોત ખરું..? આજે પાર્કિંગ જેવી પ્રાથમિક જરૂરિયાતો માટે પ્રશ્નો સર્જાતા હોય ત્યારે કોઈ પ્લાનિંગ વગર જ બનતી બિલ્ડીંગો શું ખરેખર સુરક્ષિત છે...? આમ ટ્રીટમેન્ટની સાથે આવા આકસ્મિક સંજોગો અને ભવિષ્યનો વિચાર કરી બિલ્ડિંગનું નિર્માણ કરાયું હોવાથી વેલકેર હોસ્પિટલ આજે પોતાની આગવી ઓળખ ઊભી કરી શકી છે આ બાબત જ તેનો બોલતો પુરાવો છે.



" આજે અમારી ઉચ્ચ વ્યવસ્થાની કિંમત વસૂલ થઈ ગઈ "
-ડૉ.ભરતભાઈ મોદી





# વેલકેર હોસ્પિટલનો સ્વાસ્થ્ય અધિકાર દિવસ

**દર મહિનાના ઘોષીત શનીવારે સ્વાસ્થ્ય અધિકાર દિવસ તરીકે ઉજવાશે**

Welcare Hospital
we care

**નિ:શુલ્ક સેવાઓ :** હાડકાં અને સાંધાના રોગનું ચેકઅપ, એક્સ-રે તપાસ અને જનરલ મેડીસીન રોગોની તપાસ, વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન કરાવો, ફોન- ૦૨૬૫ ૨૩૩૭૧૭૨
વેલકર હોસ્પિટલ, અટલાદરા વડસર રોડ, વડોદરા.

**આગામી સ્વાસ્થ્ય અધિકાર દિવસ ૨ જાન્યુયારી ૨૦૨૧**

**આપોઇન્ટમેન્ટ વગર નિ:શુલ્ક તપાસ થઈ શકશે નહીં**










## " એક સેલ્યૂટ.. આજના કોરોના ફ્રન્ટલાઈન ફાઈટર્સને "



## ટીમ વર્ક

## વેલકર હોસ્પિટલ વડોદરામાં કોરોના દર્દીઓ માટે સ્પેશ્યલ વોર્ડનો પ્રારંભ

**સમાજમાં જરૂરિયાતવાળા નાગરિકોએ નીચે આપેલ ફોન નંબર પર સંપર્ક કરવો . 0265 2337172 (સવારે 8:00 થી સાંજના 8:00 )**

**અરુણા ત્રિપાઠી - 09327435567 (સવારે 8:00 થી સાંજના 8:00)**
**ડો. વિધિ હિંગુ - 07043210023 (સવારે 8:00 થી સાંજના 8:00)**

**નીરજ શર્મા - 09173738716 (સાંજે 8:00 થી સવારના 8:00)**
**ડો. જીગર શાહ - 09726447750 (સાંજે 8:00 થી સવારના 8:00)**

# Book Post

**To**

**if undeliverable, please return to**
The Editor, Welcare Today
**Welcare Hospital**
Atladara-Vadsar Ring Road,
Atladara, Vadodara-390012
[Gujarat]
- 0265 2337172
www.welcarehospital.co.in

Edited Printed & Published by Dr. Harshida B Mody
Welcare Hospital, Atladara- Vadsar Ring Road, Atladara, Vadodara-390012[Gujarat] - 0265 2337172
Printed at Print Vision Pvt Ltd, Print Vision House, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad-380006